**DATE: 12/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ઝઘડિયા તાલુકાના એક ગામમાં માનવતાને શર્મસાર કરતી ઘટના

# છત વિનાના બાથરૂમમાં કેદ કરીને રખાયેલી મનોરોગી યુવતીને અભયમે બચાવી લીધી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના એક ગામમાં માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. મનોરોગી દીકરીને માતા અને પિતા બાથરૂમમાં કેદ કરીને રાખતા હતાં. બાથરૂમની ઉપર છત નહિ હોવાથી 22 વર્ષીય દીકરી વરસાદમાં પલળી જતી અને વીજળીના ચમકારાઓથી ડરી જતી હતી.

કોઈ વ્યકતિને દીકરીની વ્યથાની જાણ થતાં તેણે 181 અભયમમાં ફોન કર્યો હતો અને ટીમ ગામમાં આવી પહોંચી હતી. અભયમમાં ફોન કરનારા સેવાભાવીએ જણાવ્યું હતું કે, 22 વર્ષની દીકરીને જે બાથરૂમમાં પુરી રાખવામાં આવે છે તેના પર છત જ નથી. જેથી વરસાદમાં તે પલળી જાય છે અને વીજળીના ચમકારા થતાં તે ડરીને બૂમો પાડે છે. દીકરી પ્રત્યે આવા અમાનવીય વ્યવહાર બદલ પરિવારની પૂછપરછ કરતા તેઓ એ જણાવેલ કે તેને અવારનવાર વાઈ આવે છે અને સ્થળ સ્થિતિનું ભાન રહેતું નથી તેને બાથરૂમ માં પુરી રાખી એ છીએ. આવા કૃત્ય બદલ પિતા ને ઠપકો આપેલ અને આવા અપરાધ બદલ સજા થઈ શકે તેનું ભાન કરાવ્યું હતું.

જેથી પિતા એ ભૂલ બદલ માફી માગી હતી અને હવે પછી તેને કોઈ તકલીફ આપીશું નહિ તેની ખાત્રી આપી હતી.દીકરીને માનસિક હોસ્પિટલ વડોદરા સારવાર માટે લઈ જવા માહીતી આપી હતી. દિકરીને છેલ્લા ઘણા સમયથી બાથરૂમમાં કેદ કરીને રાખવામાં આવતી હતી. ચોમાસામાં વરસાદ પડતો હોવાથી તે ઘણી દયનીય સ્થિતિમાં રહેતી હતી. કોઈ સેવાભાવી વ્યકતિને તેની ચીસો સંભળાઈ હતી અને તેણે અભયમમાં ફોન કરી દેતાં યુવતીને કેદમાંથી મુક્તિ મળી છે અને માતા-પિતાને સબક મળ્યો છે.

**DATE: 12/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### નેત્રંગ પોલીસે ખરાઠામાં દરોડો પાડ્યો હતો

# બૂટલેગરના ઘરે વાડામાં જમીનમાં માટલામાં સંતાડેલો દારૂ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

નેત્રંગ તાલુકામાં આવેલાં ખરાઠા ગામે રહેતાં બૂટલેગર રાજેશ ચુનીલાલ વસાવા વિદેશીદારૂનો વેપલો કરતો હોવા સાથે તેણે તેના વાડામાં દારૂ સંતાડ્યો હોવાની ચોક્કસ બાતમી નેત્રંગ પોલીસને મળી હતી.

જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પાડ્યો હતો. રાજેશ વસાવા તેના ઘરમાં જ હોઈ પોલીસે તેને ઝડપી પાડી ઘરમાં તલાશી લેતાં કાંઈ મળ્યું ન હતું. જોકે બાદમાં ઘરના પાછળના ભાગે વાડામાં તપાસ કરતાં પોલીસને જમીનનું સ્તર શંકાસ્પદ જણાતાં તેમણે તપાસ કરતાં રાજેશે અલગ અલગ સ્થળે ખાડા ખોદી તેમાં માટલાં મુકી તેમાં દારૂ સંતાડ્યો હતો. ટીમે કુલ 10 હજારનો દારૂ જપ્ત કરી દારૂ અંગે પુછતાં દેડિયાપાડાના સોલીયા ગામનો દીનેશ ભારિયા વસાવા તેમને દારૂ આપી ગયો હોવાની કબુલાત કરતાં બન્ને વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

**DATE: 13/08/2024 CATEGORY: GREEN**

# વાગરામાંથી શંકાસ્પદ ભંગાર સાથે બે ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | વાગરા

વાગરા તાલુકાના મુલેર નજીકથી શંકાસ્પદ ભંગાર ભરેલા ટેમ્પો સાથે પોલીસે આછોદ ગામના બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.પોલીસે તેમની પાસેથી 5 લાખ ઉરાંતના મુદ્દામાલ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.ટેમ્પાની તલાશી લેતાં તેમાંથી લોખંડના પાઈપના ટુકડા તથા લોખંડની જાળીદાર પીંજરાના કાપેલા ભાગો શંકાસ્પદ મુદ્દામાલ ભરેલો હોવાનુ જણાઈ આવ્યું હતું.જે બાબતે ટેમ્પોમાં બેસેલા જુબેર ઈસ્માઈલ પટેલ અને સંજય રતિલાલ વસાવાની અટકાયત કરવામાં આવી છે.

# હજાત ગામેથી જુગાર રમતા બે જુગારીયા ઝબ્બે

અંકલેશ્વર | હજાત ગામના ભાથીજી મંદિર ફળીયામાં એક મકાન પાસે શ્રાવણીયો જુગાર રમાય રહ્યો હોવાની માહિતી મળી હતી. પોલીસે દરોડો પાડતાં અંકલેશ્વરની વાસ્તુ વિલા સોસાયટી માં રહેતા અરુણ મોદી અને શિરોમણી બંગ્લોઝમાં રહેતા સુરેશ દલાલ ની ધરપકડ કરી હતી જો કે હજાત ગામનો શંકર વસાવા અને અંકલેશ્વરનો વિનોદ ફરાર થઈ ગયો હતો .પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા 22 હજાર અને 10 હજારના બે મોબાઈલ મળી કુલ રૂ.32 700 નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 13/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કંપનીમાં ભાડે મૂકવાની લાલચ આપી જીપ ગીરવે મૂકી દીધી હતી

# અંકલેશ્વરના રહીશ સાથે છેતરપિંડી કરનાર આરોપી અઢી વર્ષે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના રહીશની બોલેરો ભાડે રાખવાના બહાને છેતરપિંડી કરનારા આરોપીને પોલીસે ઝડપી પાડયો છે.રામકુંડ ખાતે આવેલ તપસ્વી નગર ખાતે રહેતા કેયુર પરમારએ ગાડી હપ્તા બાકી રહેતા ગાડી વેચવા માટે ઓએલએક્સ પર વેચવા માટે મૂકી હતી તે દરમિયાન વડોદરા શ્રીજી ધામ એપાર્ટમેન્ટ ખાતે રહેતા વિરલ પટેલ તેમનો સંપર્ક કર્યો હતો. વેચાણની વાત કર્યા બાદ તેના મિત્ર દિગ્વિરાજસિંહ ચૌહાણ કંપની કોન્ટ્રાક્ટરમાં ગાડી મૂકી આપશે. તેઓ વિશ્વાસ સંપાદન કર્યો હતો.બીજા દિવસે વિરલ પટેલ અને દિગ્વિરાજસિંહ ચૌહાણ અંકલેશ્વર આવી કરાર કરી ગયા હતા. અને કરારમાં માસિક 18 હજાર રૂપિયા ભાડું નક્કી કર્યું હતું અને 2 મહિના સુધી રૂપિયા ના આપે તો ગાડી પરત આપવાની નક્કી કરાયું હતું જે મુજબ ઓક્ટોબર 2021 સુધી તૂટક તૂટક ભાડું આપ્યા બાદ બંધ કરી દીધું હતું. બાદમાં ભાડાની ચુકવણી નહિ કરતાં બંને આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે અગાઉ વિરલની ધરપકડ કરી હતી જેમાં તેણે બોલેરો ગીરવે મુકી હોવાની કબૂલાત કરી હતી. આ કેસમાં અઢી વર્ષથી ફરાર દિગ્વિરાજસિંહ ચૌહાણને પણ વડોદરા ડીસીબીએ કારેલીબાગ વિસ્તારમાંથી ઝડપી પાડી અંકલેશ્વર પોલીસના હવાલે કર્યો છે. આરોપી અત્યાર સુધી ક્યાં નાસતો ફરતો અને તેની મદદગારી કોણે કરી હતી સહિતની વિગતો મેળવાઈ રહી છે.

**DATE: 14/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### બુલેટસવાર યુવાનને સારવાર માટે લઇ ગયો હતો

# પાનોલી નજીકથી બુલેટની ચોરી, કામરેજથી તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલીમાં બુલેટ અને બાઈક વચ્ચે અકસ્માત બાદ બુલેટ સવાર બાઈકચાલકને સારવાર માટે લઈ ગયો હતો પરંતુ પરત આવતાં તેનું બુલેટ ચોરાયું હતું. જો કે પાનોલી પોલીસે ગણતરીના કલાકોમાં જ કામરેજથી તસ્કરને ઝડપી પાડયો હતો.હાંસોટના આમોદ ખાતે રહેતા અવિનાશ વસાવા અંકલેશ્વર ખાતે કપડાં લેવા આવ્યા હતાં. કપડાની ખરીદી કરી તે પરત જવા માટે નીકળ્યો હતો. તે સમયે ખરોડ ગામ પાસે પેટ્રોલપંપની નજીક ઉભેલી બાઈક સાથે તેનું બુલેટ અથડાતાં અકસ્માત થયો હતો. અવિનાશ વસાવા બુલેટ પેટ્રોલપંપ પાસે મુકીને ઈજાગ્રસ્ત બાઈક સવારને સારવાર માટે લઈ ગયો હતો. ઈજાગ્રસ્તની ખરોડની વેલકેર હોસ્પિટલમાં સારવાર કરાવ્યાં બાદ તેઓ પરત આવ્યાં ત્યારે અવિનાશનું બુલેટ જ ગાયબ હતું. તેણે પાનોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પીએસઆઈ દેસાઈએ તપાસ હાથ ધરી ગણતરીના કલાકોમાં કામરેજની શિરડીધામ સોસાયટી ખાતે રહેતા સંજયને ચોરીના બુલેટ સાથે ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બિહારનો યુવાન વર્ષથી નાસતો ફરતો હતો

# અંકલેશ્વરમાં સગીરાને ભગાડી દુષ્કર્મ કરી ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં સગીરાને ભગાડી દુષ્કર્મ આચરનાર આરોપી એક વર્ષ બાદ પોલીસ સકંજામાં આવ્યો છે. અંકલેશ્વર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ગત વર્ષ 2023માં સગીરા ને એક ઈસમ ભગાડી ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. બનાવ સંદર્ભમાં બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસે મૂળ બિહાર અને હાલ ગડખોલ પાટિયા માયાનગરી ઝુપડપટ્ટી ખાતે રહેતાં ગોવિંદા ઉર્ફે ગોવિંદભગત સામે ગુનો નોંધી તેની શોધખોળ આદરી હતી. છેલ્લા એક વર્ષથી પોલીસ તેને શોધી રહી હતી દરમિયાન આરોપી અંકલેશ્વર ખાતે તેના નિવાસે હોવાની માહિતી મળતાં પોલીસે તેને ઝડપી લીધો હતો. તેનું તબીબી પરિક્ષણ કરાવ્યાં બાદ રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. એક વર્ષ સુધી આરોપી અને સગીરા કયાં હતાં અને કોણે મદદ કરી સહિતની વિગતો મેળવવાની હજી બાકી છે.

**DATE: 14/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### હત્યાની કોશિષ કેસમાં ફરાર હતાં, 3 દિવસના રિમાન્ડ

# ભરૂચના ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ સહિત 2ની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચના કોલેજ રોડ પર આવેલાં દ્વારકાધીશ રેસ્ટોરેન્ટ પર ગત 6 ઓગષ્ટના રોજ ધિંગાણું સર્જાયું હતું. જેમાં જુલેલાલ પાનની દુકાનવાળા પ્રદિપ ચુનીલાલ કલવાણી તેમજ હસમુખ ઉર્ફે લાલો રમણ રાવળ પર જીવલેણ હુમલો થયો હતો. જેમાં ભાજપના યુવા ભાજપ મોરચાના ઉપપ્રમુખ પ્રજ્ઞેશ દલપત પટેલ તેમજ જય મહેશ ચૌહાણ (રહે. એકતાનગર, જૂની મામલતાદર કચેરી સામે, ભરૂચ) સહિત ટોળા વિરૂદ્ધ સી ડિવિઝન પોલીસ મથકે હત્યાની કોશિષનો ગુનો નોંધાયો હતો.પોલીસે તેમને શોધવાની કવાયત હાથ ધરતાં.પ્રજ્ઞેશ તેમજ જય ફરાર હતાં. દરમિયાનમાં સી ડિવિઝનના પીઆઈ ઈન્સ્પેક્ટર વી આર ભરવાડ અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, પ્રજ્ઞેશ અને જય એક્ટિવા પર એબસી સર્કલ તરફ જઈ રહ્યાં છે. જેથી ટીમે તુરંત એક્શનમાં આવી તેમને બન્નેનેને ઝડપી પાડ્યાં હતાં. બન્નેને કોર્ટમાં રજૂ કરતાં અદાલતે તેમના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યાં છે.

**DATE: 15/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરના હોટલ મેનેજર સામે ગુનો દાખલ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ રજવાડી હોટલ ખાતે એસ.ઓ.જી ની ટીમ પહોંચી હતી. જ્યાં પથિક સોફ્ટવેરમાં હોટલમાં રોકાણ કરતા લોકો ની એન્ટ્રી અને તેના દસ્તાવેજી પુરાવા લોડ કરવા ના હોય છે. જે અપલોડ કર્યા ન હતા તેમજ એન્ટ્રી પણ પાડી ન હતી.જાહેરનામા નો ભંગ થતા પોલીસે હોટલ મેનેજર ભરત ગોધસારા સામે જીઆઈડીસી પોલીસ મથકે ગુનો દાખલ કરતા કર્યો હતો. કલેકટરના જાહેરનામા સંદર્ભમાં પોલીસે ચેકીંગ કરી રહી છે

**DATE: 15/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

# વાલિયાના ગૂંદિયા ગામ નજીકથી દારૂનો જથ્થો ઝડપાયો

। વાલિયા ।

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વાલિયા તાલુકાના ગુંદિયા ગામથી સેવડ ગામ જવાના માર્ગ ઉપરથી ઈકો ફોરવ્હિલ ગાડીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી લઈને અન્ય બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

એલસીબી પીએસઆઈપેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે દારૂ ભરેલ ગાડી ગુંદિયા ગામથી સેવડ ગામ તરફ જનાર છે. જેથી ગુંદિયા ગામથી સેવડ ગામ તરફ જતા રોડ ઉપર વોચ ગોઠવી હતી અને કાર આવતા તેને રોકીને તપાસ કરતા તેમાંથી રૂપિયા ૫૧,૩૦૦નો દારૂનો જથ્થો તેમજ ઈકો ગાડી સહિત કુલ રૂા. ૨,૫૧,૮૦૦નો મુદામાલ કબજે લઈને ચાલકની પુછપરછ કરતા કિરણ વસાવા બન્ને ભેગા મળીને ફોફડીયા ગામેથી ભુપેન્દ્ર ઉર્ફે ભોપા પાસેથી। દારૂનો જથ્થો લાવેલ છે. એલસીબી એ વિશાલ વસાવા ઝડપી લઈને અન્ય બે ઈસમો કિરણ લવજીભાઈ વસાવા રહે. ગુંદિયા અને ભુપેન્દ્ર ઉર્ફે ભોપા રહે. ફોફડીયાનાને વોન્ટેડ જાહેર કરીને વાલિયા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

**DATE: 15/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# નેત્રંગ નગરમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ તિરંગા યાત્રા યોજાઈ

નેત્રંગ.તા.૧૪

સ્વાતંત્ર્ય પર્વને લઈ નેત્રંગ નગર સહિત તાલુકામાં ઉજવણીની તડામાર તૈયારીઓ વચ્ચે તા. ૧૩ ની બપોરે નેત્રંગમાં ઝધડીયાના ધારાસભ્યની અધ્યક્ષતામાં તિરંગા યાત્રા નીકળી હતી.જેમાં શાળાના વિદ્યાર્થીઓ સહિત નગરજનોમા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

નેત્રંગ તાલુકા વહીવટી તંત્ર થકી હર ઘર તિરંગા અભિયાન હેઠળ તિરંગા યાત્રાનુ આયોજન મામલતદાર ,નાયબ મામલતદાર તેમજ તાલુકા અધિકારીઓ અને શાળાઓના આચાર્ય સાથે સંકલન કરી તિરંગા યાત્રા ભક્ત હાઈસ્કૂલ થી આજે બપોરે યોજવામા આવી હતી,જે યાત્રા ધારાસભ્યની અધ્યક્ષતામાં પ્રસ્થાન થઈ હતી.જેમાં શાળાના બાળકો,નગરજનો સહિત તાલુકા પંચાયત પ્રમુખ , સદસ્યો,જીલ્લા પંચાયત બાંધકામ સમિતિ અધ્યક્ષ ,તાલુકા ભાજપ સંગઠનના કાર્યકરો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા, ડીજે સીસ્ટમ પર દેશભક્તિના ગીતોની રમઝટ સાથે નગરભરમાં ફરી હતી, નેત્રંગ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ આર કે દેસાઈ તેમજ સ્ટાફ થકી ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કર્યા હતો.

**DATE: 17/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### આરોપી પાસેથી એલસીબીએ 1.97 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# સુરતથી બાઈકો ચોરી લાવી વાગરા પંથકમાં વેચી દેતાં 3 પિતરાઈ ઝબ્બે

## ત્રણેય નંબર વિનાની બાઇક ફેરવતાં હોવાને કારણે શંકા ગઇ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

15 ઓગષ્ટે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ટાણે શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ભરૂચ એલસીબીની ટીમ વાગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાનમાં હાલમા સુરત ખાતે રહેતો અને મુળ ઓચ્છણ ગામનો સુફિયાન સલીમ પટેલ તેમજ ઓચ્છણ ગામના જ જાવીદ આદમ બગસ તેમજ રિયાઝ મુસ્તાક પટેલ ત્રણેય મળી સુરત વિસ્તારમાંથી બાઇક ચોરી કરી લાવી વાગરાના આસપાસના ગામોમાં વેચે છે તેમજ તેઓ ત્રણેય નંબર વિનાની સ્પ્લેન્ડર બાઇક લઇને ફરે છે. દરમિયાનમાં ત્રણેય ઓચ્છણ ગામના પાટીયા પાસે બસ સ્ટેન્ડ નજીકથી ત્રણેયને નંબર વિનાની બાઇક સાથે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેની બાઇકના દસ્તાવેજો માંગતાં નહીં મળતાં ટીમે પોકેટ કોપ મોબાઇલથી બાઇકની વિગતો મેળવી તેમના માલિકની તપાસ કરતાં તે બાઇક વર્ષ 2018માં ચોરી થઇ હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની ત્રણેયની પુછપરછ કરતાં તેઓએ કબુલ્યું હતું કે, તેઓ એકબીજાના પિતરાઇ ભાઇ થાય છે. સુફીયાન સુરત ખાતે રહેતો હોઇ ત્યાંના વિસ્તારોથી વાકેફ હોઇ જાવીદ અને રીયાઝ સુરત જતાં હતાં. જે બાદ ત્રણેય મળી અલગ અલગ સ્થળેથી બાઇક ચોરી કરી લાવી વાગરા આવી તે બાઇક છેવાડાના ગામોમાં મજૂરોને કોઇને કોઇ બહાને વેચી દેતાં હતાં. ટીમે તેમની ઉલટ તપાસ કરતાં તેમણે સુરતના અમરોલી, રાંદેર, મહીધરપુરા, અડાલજ સહિતના વિસ્તારોમાંથી 7 બાઇક ચોરી કરી હોવાની તેમજ તેમણે ત્રણ બાઇક પોતાની પાસે રાખી હોવાની જ્યારે અન્ય બાઇકો તેમજ તેના સ્પેરપાર્ટ અન્યને વેચી દીધાં હોવાની કબુલાત કરી હતી. ટીમે તેમની પાસેની કુલ 5 બાઇક, બાઇકના 2 એન્જીન તેમજ અન્ય સામાન મળી કુલ 1.97 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.



### પોલીસે 5 ચોરીના ભેદ ઉકેલ્યાં

પ્રાથમિક પુછપરછમાં આરોપીઓ વર્ષ 2018માં અમરોલીથી, 2022માં રાંદેરમાંથી બાઇક ચોરી કરવા સાથે મહીધપુરા, અમરોલી શાકમાર્કેટ, કતારગામ બ્રિજ નીચેથી તેમજ સુરતની નવયુગ કોલેજ પાસેથી વાહન ચોરી કરી હોવાની કબુલાત કરી છે. ત્યારે સુરતના અમરોલીમાં સુફીયાન પટેલ વિરૂદ્ધ તેમજ વાગરા પોલીસ સ્ટેશનમાં જાવીદ અને રીયાઝ વિરૂદ્ધ અગાઉ ફરિયાદ નોંધાઇ હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 17/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ગુમ અથવા ચોરી થવાના કિસ્સાઓ

# અંકલેશ્વરમાં પોલીસે 17 મોબાઈલ ફોન શોધી કાઢયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગુમથયેલા 17 મોબાઈલ શોધી તેના માલિકને સુપ્રત કર્યા હતાં. એસપી મયુર ચાવડા સરકારના સીઈઆઈઆર પોર્ટલના માધ્યમથી ખોવાયેલા કે ચોરાયેલા મોબાઈલ સંદર્ભમાં અસરકારક કામગીરી કરવા સૂચના આપી હતી. પોર્ટલ પર 17 જેટલા મોબાઈલ અન્ય નંબર સાથે એકટીવ થતાંની સાથે પોલીસ તેમની સુધી પહોંચી હતી અને આ મોબાઈલ પરત મેળવ્યાં હતાં. પોલીસે રૂ.3.02 લાખની કિંમતના 17 મોબાઈલ ફોન મૂળ માલિકો ને પરત કરવામાં સફળતા મેળવી છે. આ સાથે જ મોબાઈલ ચોરી થવા અથવા ગુમ થવાના બનાવ માં શું કરવું તેની માહિતી આપતા પીઆઈ બી.એન.સગરે જણાવ્યું હતું કે, સીઈઆઈઆર પોર્ટલ પર ચોરી કે ગુમ થયેલાં મોબાઈલની વિગતો નોંધાવવાથી એક આઈડી મળશે અને તેના પરથી જે તે મોબાઈલનું સ્ટેટસ ચેક કરી શકાય છે.આજ પોર્ટલ પરથી તમે મોબાઈલ પણ બ્લોક કરાવી શકો છો.

**DATE: 17/08/2024 CATEGORY: GREEN**

**E-PAPER SANDESH PAGE-11**

### પોલીસે કુલ રૂા.૩૨ હજાર કરતા વધુની મતા જપ્ત કરી

# ભરૂચના સોનેરી મહેલ વિસ્તારમાં જુગાર રમતા ૬ જુગારીયા ઝડપાયા

ભરૂચ : ભરૂચ નગરના સોનેરી મહેલ પાણીની ટાંકી પાસેથી મળેલ બાતમીના આધારે ૬ જેટલા જુગારીયાઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યા હતા તેમજ રૂા.૩૨ હજાર કરતા વધુની રકમ જપ્ત કરવામાં આવી હતી.

આ બનાવ અંગે વધુ વિગતે જોતા ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડા દ્વારા જિલ્લામાં પ્રોહી/જુગારની અસામાજીક પ્રવૃત્તિઓ સંદતર બંધ રહે અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે ઉદ્દેશથી સતત વોચ રાખી અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચના આધારે એલસીબી પીઆઈ એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ સુચનાઓ અન્વયે કેસો શોધી કાઢવા એલસીબીની અલગ અલગ ટીમો બનાવી સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ. દરમ્યાન પોસઈ એમ.એમ.રાઠોડ તેમની ટીમ સાથે ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે ભરૂચ સોનેરી મહેલ પાણીની ટાંકીની પાસે કમન નુરમોહમ્મદ મન્સુરીના મકાનમાં મોહમ્મદ ઈદરીશ મોહમ્મદ સઈદ શેખ ઘણા બધા માણસો બહારથી બોલાવી ભેગા કરી પોતાના આર્થિક ફાયદા માટે રૂપીયાથી પત્તા પાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમી રમાડે છે.

જે મળેલ બાતમી આધારે ભરૂચ સોનેરી મહેલ પાણીની ટાંકીની પાસે મકાનમાં જુગાર અંગે રેઈડ કરી અંગઝડતીમાંથી તથા દાવ ઉપરના રોકડા રૂા.૨૬,૫૫૦ તથા મોબાઈલ નંગ ૨ કીંમત રૂા.૫૫૦૦ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂા.૩૨૦૫૦ ના મુદ્દામાલ સાથે ૬ આરોપીઓને ઝડપી પાડી જુગાર ધારાની સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ સટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવેલ છે.

**પકડાયેલા આરોપીઓ**

મોહમ્મદ ઈદરીશ મોહમ્મદ સઈદ શેખ, રહે.સોનેરી મહેલ, ભરૂચ
મોહમ્મદ અરસ્લામ ફારૂક લહેરી, રહે.ખરોડ ગામ, તા. અંકલેશ્વર
મુજમ્મીલ ઉર્ફે મુન્નો બશીર શેખ, રહે.હાંસોટ
જલાલહુસેન સૈયદ, રહે.મુબીન સોસાયટ, અંકલેશ્વર
યુનુફખાન દિલવરખાન પઠાણ, રહે.ભઢીયારવાડ, ભરૂચ
જફર મેહમુદ મલેક, રહે.બળેલ ખો, ભરૂચ.

**DATE: 18/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વર ડેપોમાંથી સુરતના બે ખેપિયાઓ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ ની ટીમ એ ચોક્કસ માહિતી આધારે જીઆઈડીસી બસ ડેપો પાસે સુરત ના રાહુલ કાળુ લીબડીયા અને મોનુ સંતોષ પંડિત ને ઈંગ્લીશ દારૂની 90 એમ.એલ ની અલગ અલગ બ્રાન્ડની વોડકા ની 101 બોટલ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસે થી 5050 રૂપિયા નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. તેમજ બને ની ધરપકડ કરી ઈંગ્લીશ દારૂનો જથ્થો ક્યાં થી અને કોની પાસે થી લાવ્યા તે અંગે વધુ પૂછપરછ આરંભી હતી.

**DATE: 18/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJRAT MITRA PAGE-07**

# અંકલેશ્વરનો ચેક રિટર્ન કેસનો ફરાર આરોપી ઝડપાયો

ભરૂચ: અંકલેશ્વર કોર્ટમાં નેગો. એક્ટ-૧૩૮ (ચેક રિટર્ન કેસમાં) ગુનામાં આરોપી ચિરાગ માછી (રહે.,આશ્રમ ફળિયું,મકતમપુર,ભરૂચ)ને બે વર્ષ પહેલા સજા થતાં વોરન્ટ જારી કર્યું હતું. ભાગેડુ આરોપી અમદાવાદ હોવાની જાણ થતાં ભરૂચ LCB પોલીસે ચિરાગ માછીને અમદાવાદથી ઝડપી પાડ્યો હતો અને ભરૂચ સી ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

**DATE: 18/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### મુંબ્રાનો ફરાર મુખ્યસુત્રધાર જંબુસરમાં તેના મિત્રને ત્યાં સંતાયો હતો

# પૂણેના વિશ્રાંતવાડી ખાતે ઝડપાયેલાં એમડી ડ્રગ્સના કેસમાં જંબુસરમાંથી 3 જણા ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

મહારાષ્ટ્રના પૂણે ખાતે આવેલાં વિશ્રાંતવાડી વિસ્તારમાંથી 471 ગ્રામ એટલે કે અંદાજે એક કરોડના એમડી ડ્રગ્સ સાથે ત્યાંના ત્રણ સ્થાનિક યુવાનો શ્રીનિવાસ ગોદજે, રોહિત બેર્ડે તેમજ નિમિશ સુભાષ અભનાવેને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જેની તપાસમાં મુંબઇના મુંબ્રા ખાતે રહેતો મોહમદ અસલમ મહમદ ઇસ્માઇલ મરચંટે તેમને ડ્રગ્સનો જથ્થો આપ્યો હોવાનું ખુલ્યું હતું. ત્યારે પોલીસ પકડથી બચવા માટે તે જંબુસરમાં ગણેશ ચોક વિસ્તારમાં રહેતાં તેના મિત્ર યાહીયા પટેલના ત્યાં આવી સંતાયો હોવાની ચોક્કસ બાતમી મહારાષ્ટ્ર ક્રાઇમ બ્રાન્ચની ટીમને મળતાં ટીમ તુરંત જંબુસર ખાતે આવી પહોંચી હતી. વિસ્તારની વાકેફ ન હોવાને કારણે સ્થાનિક પોલીસની મદદથી ટીમે જંબુસર એસટી ડેપો ખાતે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં એક વાહનમાંથી ટીમે મોહમદ અસલમ તેમજ યાહીયા પટેલ



તેમજ પ્રતિક દેસાઇ ( રહે. નવસારી) ને ઝડપી પાડ્યાં હતાં. પ્રાથમિક તબક્કે તેમની પણ સંડોવણી મનાઇ રહી હતી. જોકે, બાદમાં માલુમ પડ્યું હતું કે, અસલમ મરચંટ જંબુસરના યાહીયા પટેલ તેમજ નવસારીના પ્રતિક દેસાઇ સાથે વાહનોની લેવડદેવડના ધંધામાં સંપર્કમાં આવ્યો હોઇ તેમના ત્યાં ધંધાના બહાને આવી રોકાયો હોવાનું પ્રાથમિક તબક્કે માલુમ પડતાં ટીમે દિશામાં તપાસ હાથ ધરી છે.